સંગ્રહ કર્તા

રત્નસિંહ દીપસિંહ પરમાર.

પ્રથમાવૃત્તિ.

મળવાનું ઠેકાણું.

કર્તા પાસે ડભોલી પોષ્ટ સીગનપોર.

જી. સુરત.

કીમ્મત બે આના

શંવત ૧ ૬૫

ધી "ગુજરાત" પત્ર પ્રિન્ટીંગ

ભારતીયરાષ્ટ્ર સંગીત

—:o:—

અતિત ગૌરવ વાહિની મમવાણી,
ગાતું આજ હિંદુસ્થાન.
મહાસભા ઉન્માદિનિ મમવાણી?
ગાતું આજ હિંદુસ્થાન.
કર્યું? વિક્રમ વિભવ, યશઃ સૌરભ પુરિત
એહ નામ કેરું ગાન?

(chorus) સહુ મળીને
બંગ બિહાર, અયોધ્યા ઉત્કલ
મદ્ર, મહા, ગુર્જર રાષ્ટ્ર, નેપાળ
પંજાબ રજપુતાન?
હિન્દુ, પારસી, જૈન, ઇસાઇ
સિખ્ખ મુસલમાન?
ગાઓ સકલ કંઠે સકલ ભાવે.
નમેઃ હિંદુસ્થાન?
હર હર હર જય? હિંદુસ્થાન?
(પારસી) દાવર હોરમઝદ? હિંદુસ્થાન
(મુસલમાન) ઇલાહી અકબર! હિંદુસ્થાન
નમો હિંદુસ્થાન

મેદ રીપુનાશિનિ મમવાણી ?

ગાતું આજ ઐક્ય ગાન !

મહાબલ વિદ્યાયિની મમવાણી

ગાતું આજ ઐક્ય ગાન !

મેળવ્ય દુઃખે, સૌખ્યે, સંખ્યે.

હિંદુ, પારસી, જૈન, ઇસાઇ

સિખ્ખ, મુસલમાન.

ગાઓ સકળ કંઠે, સકળ ભાવે.

નમો હિંદુસ્થાન !

હર, હર, હર, જય હિંદુસ્થાન !

(પારસી) દાવર હોરમઝદ ! હિંદુસ્થાન !

(મુસલમાન) ઇલાહી અકબર ! હિંદુસ્થાન !

નમો હિંદુસ્થાન

સકળજન ઉત્સાહીની મમવાણી !

(૨)

ગાતું આજ નૂતન ગાન !

મહા જાતી સંગ્રહની મમવાણી !

ગાતું આજ નૂતન તાન !

ઉડાવ્ય કર્મ નિસાન ! ધર્મ વિષાણ !

બજાવ્ય ચેતાવી પ્રાણ !

(સહુ મળીને)

બંગ બિહાર, અયોધ્યા ઉત્કલ.

મદ્ર, મહા–સૌરાષ્ટ્ર, નેપાળ,
પંજાબ રજપુતાન !
હિંદુ પારસી, જૈન, ઇસાઇ,
શિખ, મુસલમાન !
ગાઓ સકળ કંઠે—સકલ ભાવે
" નમો હિંદુસ્થાન "

હર હર હર જય હિંદુસ્તાન !
(પારસી) દાવર હોરમઝદ ! હિંદુસ્થાન !
(મુસલમાન) ઇલાહી અકબર હિંદુસ્થાન
'નમો હિંદુસ્થાન !'

અરવિંદ

૨

હું દીવાનો દેશનો મને કોઇ ન સતાવો હોય જે મારા સમા, મારી કને આવો. હું દીવાનો દેશનો

તોતા અને કૌવા મળી મુજ શીર ન પકાવોરે; ડાપણુ બતાવીને વૃથા મુજ દીલ ન દુઃખાવો હું દીવાનો દેશનો.

હોડી વીના સીંધુ તરો હિમ્મત ન હઠાવો; હથીઆર વીણ ઝુંઝીશકોનો સંગ સીધાવો. હું દીવાનો. ૨

વીણુ પાંખ ઉડવું આદરી; પર જેહ ઉઠાવો; તે હું દીવાનો સાથ સઉનોજ હાથ મીલાવો. હું દીવાનો. ૩

પકવાન ખાવાં હોય તો, નર મુખ છપાવો; જો અમિ ખાવો

હોય તો પતરાળી નંખાવો. હું દીવાનો. ૪

ઢાંકો તમારૂં મુખ ચહ્નો; જો લોભથી લ્હાવો; જે હોય દીવાનો દેશનો મુજ સંગમાં લાવો. હું દીવાનો. ૫

સુખ આશ કેરી પાશ લાવી પાંખ લગાવો; બીતી જલાવો ભઠ્ઠીમાં, આ દેશ જગાવો. હું દીવાનો ૬

નવ પાઘડીનો પ્રેમ ધારી, શિશ નમાવો; નિજ પ્રાણ અર્પો દેશને, નવ નાક ગુમાવો. હું દીવાનો. ૭

નિરાંત કેરી રાતમાં નિદ્રા નહી લાવો; ઊજાગરે આનંદ માનો તો તમે ફાવો હું દીવાનો. ૮

નિજ સ્વાર્થને સળગાવીને જો દેશ દીપાવો; વપુવિત વનીતા વ્હાલ છોડી ધ્યાબ ખીલાવો. હું દીવાનો. ૯

સજ્યા ચહો જો પુષ્પની તો મ્હો ન બતાવો; સુવું હમેશાં રાજ્યાપરે તો દોસ્તીનો દાવો. હું દીવાનો. ૧૦

ઘસી પાપ મરવું હોય તો તમ ધામ સુહાવો; લણવી અમરતા હોય તો ક્ષેત્ર જીવન વાવો; હું દીવાનો. ૧૧

એ દેશનો સંદેશને આ દેશ છે આવો; તે રસ સદા હે સંધવી ! પીવો અને પાવો. હું દીવાનો. ૧૨

ભરત ભુમિની વિજય વાંછના.

વિજય વિજય ભરત ભુમિનો સદા થજો

નિમળ સકળ કુળતણું બળ અમીન વાધજો. વિજય વિજય. ૧

શિલ્પ કલ્પ વર્ણિ રસાયન યંત્રને કળા,
કરો ભારતભુમિ કીર્તી પરમ ઉજવળા. વિજ્ય વિજય. ૨
ચાવ સર્વ દેશહીતની કૃતિજ સત્કલા,
રિદ્ધિ સિદ્ધિ બુદ્ધિ દો મહેશ્વરા,
ત્રોડી આર્ય કેરી શૃંખલા. વિજય વિજય ભરત ભુમિનો. ૩

સ્વદેશ ભક્તિ એજ ખરી ભક્તિ છે.

રાગ. મીશ્રબન જારાનો.

મન સ્વદેશ ભક્તિ ન જામી, તવ મહેશ ભક્તિ નકામી
મન સ્વદેશ ભક્તી જામી તેને વશ અંતર્યામી. (ટેક.
દ૭ પ્રેમ નેમની શાળા, છે સ્વદેશ ભક્તી વીશાળા
તેવીણુ ભક્તી નાકુંળ; સકળ છે છળ. ખરેખર ખામી. મન. ૧
જે કક્કો વાંચી ન જાણે તે ગ્રંથનું શુખ કેમ માણે
તે પંડીતાઇમાં પોલ, ફાટેલું ઢોલ, રિઝે કેમ સ્વામી. મન. ૨
તુલસી રૂદ્રાક્ષની માળા, તે કાતે ચાળા હાલા માલા;
લઇ સ્વદેશ હિતની ઢાલ. ધરીને જયમાલ, નીરાંતે હરામી. મન. ૩
શું થયું ટીલાં તાણે જો સ્વદેશ ભક્તિ ન જાણે
કટી કસોન દેશહીતાર્થ, ઉદરનો સ્વાર્થ, ગયો ન વીરામી. મન. ૪
તજીને નીજ સુખની આશા, નવ જગમાં વીર પ્રકાશ્યા-
તા વૃથા ધરી કરતાલ. મળે નહી માલ, ભીડે શીહામી. મન. ૫
તજી સ્વદેશ હીતની સેવા, થયા ભગત ભીખારી જેવા.
તેથી ભારતને ભયભાર, ઘેલછા ગાર, દીલ પાઇ ગુલામી. મન. ૬

શું વળ્યું ભજનોમાં ગાયે, દેશહીતે હાક ન થાયે.
તો સઘળી સમના રચું ધુળ, લજાવ્યાં કુળ, ત્યા બની કામી. મન. ૭
જે સ્વદેશ ભક્તિ ભરિયા, તે મહેશ ભક્તિ હરીઆ;
તે જગ પાવન મહા વીર. ધર્મ દૂજ ધીર, રીઝે બહુ નામી. મન. ૮
જે સ્વદેશ કાજમરણીઆ, તેણે કોટ કીર્તીનો ચણીએ;
તેને કાળ જવાળના ખાય, અમર લેખાય, મર થશ થાસે. મન. ૯
બાધ વેશ ભગતનો સારા, સઉ ઓરાડે ફુલ હારો;
વળશે જ્યાં સંહાર, નહી રમનાર. ખરો નિષ્કામીં. મન. ૧૦
છે શુરવીરની ભક્તિ બીજી જગ ઠગવા યુક્તી;
નીજ દેશતણા જે ભક્ત, પ્રભુ અનુરકત. સંપુર્ણ કણુ મણુ પામી.
મન. ૧૧
સંધવી તન મન ધન વારે, ખરી સ્વદેશ ભકિત ત્યારે;
તો પ્રભુ ભજને અધીકાર, પ્રકટે સાર, કહુ કર ઉગામી. મન. ૧૨

5

૧ સાચુ ભણતર તો સ્વદેશની લાગણીજ.

લાવણી—થયા છોરે પતિ તેજ પ્યારી તનન ઉરહશિવરિ આજે- એ રાગ

ભણિયારે, તેમાં શું ઉધડીયું જો પહેર્યાં ચણિયા;
રણિયારે, રહે નીજ દેશતણા તો જનની શિદ જણિયા ? (ટેક)
અધમ દશા જોઇ દેશની, મગજ ન ધમ ધમિ જાય,
નર એવા, પશુ જેવા ? જડ કે'વા ?

નહિ! નહિ !! નર એતો નિમક હરામી અસુરો અવગુણિયા. ભણિયારે, ૧
દુ:ખ પડે નિજદેશને પોતે રહે નચિન્ત
ધરિ ધનમાં, જીવનમાં, ભય મનમાં—
પામે તે પામર પંડિત નહિ પણ પાનાપીંખણિયા—ભણિયારે. ૨
અનર્થ કરિ નિજદેશને સ્વારથ—રથપર સ્વાર
લે પોથાં, લે થોથાં, ખઇ ગોથાં,
તેવાને આ લોકે પરલોકે પરમ પાપિ ગણિયા— ભણિયારે. ૩
વાતો કરે વિવેકની મન વ્હાલાં તનમાલ;
તે શાણા, શઠ પહાણા, ભય થાણા,
રોતાજઇ મ્હોકણુ માંડિ હસે મન ભાગી ઢીંચણિયા—ભણિયારે. ૪
હિંમત હૈયામાં નહિ મુખમાં નમળે જીભ;
કર ચુડી, જડિ ભુંડી, મતિ બુડી.
તે સતિના શુરાસુત નહિ પણ સાચા શંખણિયા—ભણિયારે. ૫
દેશ મમત્વ મટીજઇ દેશ છિદ્ર દેખાય;
તે ભણવું, વિષ ગણવું, નવ બનવું,
નિજદેશ મમત્વ વિસારી ભણિભણિ દાનવ માખણિયા—ભણિયારે. ૬
વણસે સાચવતાં પણ વીરા! તન ધન નથી અભંગ;
તે દેશે, નિજદેશે જશ લેશે
સંઘવી શુરાના ઇતિહાસ અમર કિર્તિ કોટ ચણિયા—ભણિયારે. ૭

૮
વીર શ્રાદ્ધ.

રાગ મરાઠી લાવણી.

શ્રી ભારતનું ભદ્ર ચહીને, જે વીરોએ અર્પ્યાં પ્રાણ,
આજ લગી તે શુરા આર્યો, હજુ નથી પામ્યા નિર્વાણ;
તે સઘળાને કૃષ્ણપક્ષની, ચૌદશ દિન ભાદરવે માસ,
સ્વધા શબ્દ સહુ વાણી તર્પણુ, અર્પું ખાસ ધરી ઉલ્લાસ. ૧
માતૃભૂમિનું દુધ દીપાવ્યું. રણમાં વાવ્યા જીવન બીજ,
અમર જીવન ફળ લેઇ આવશો, આર્યભુમિને દેવા રીજ;
પિંડદાન દેનારા બંધુ, જાણ્યાને અણુજાણ્યા જેહ,
પ્રેમ પિંડ દઉં સ્વધાકાર સહ, તૃપ્ત તમોહો નિઃસદેહ, ૨
સ્વદેશ કાજે મૃત્યુ તેતો, સઘળા મોક્ષતણાં માંબાપ,
'તોપણ મોક્ષ તમારો ક્યમ નહિ?' એવો અસ કરે સંતાપ;
સ્વદેશ હિત કરવા અવતરવા, હજુ રહ્યા જય લક્ષ્મી કાજ,
તેવા તમને ભડ બાંધવને, સ્વધાકારથી તર્પું આજ. ૩
દૈવીપ્રજા તણી રક્ષાર્થે વિષ્ણુ, અવતર્યાં ચોવીસવાર,
તેથી સમસ્ત પિતૃરૂપ શોભે, ગયા ગદાધરનો અવતાર;
તેમ તમે ફરિફરિ અવતરશો, આર્યધરાની કરવા વ્હાર,
તેવા તમને આર્યવીરને, સ્વધાકારથી તર્પું સાર. ૪
સ્વર્ગ સદનને દિવ્ય અપ્સરા, તમ હકનાં તેનો તજી પ્યાર,
ભારતમાં અવતરવા ઉન્મુખ, વીરા મ્હારા આર્યકુમાર;
મૃત્યુ લોકવાસી ભારતને, નથી વિસાર્યા તમે લગાર.
સ્વધાકારથી તમને તર્પું, વ્હાલા વીરા વારંવાર. ૫

યોગી જ્ઞાનીને બહુ શ્રમથી, સિદ્ધ થાય જે મોક્ષ સ્વરૂપ,
તે તૈયાર તમારે અર્થે છતાં પડયા નહિ નિજસુખ કુપ;
સ્વદેશ અર્થે સ્વાર્થ તજી, સંસૃતિ ચક્રે ચઢવા તૈયાર,
તેવા રણ મોઘા વીરોને, સ્વધાકાર કહિ તર્પું સાર. ૬
નિજ સુખ અર્થે જ્ઞાની યોગી ભક્ત, યત્ન કરીકરી મોક્ષે જાય,
પાપી પશુ તરવાને યત્નો, કરીકરી ભજતા જગરાય,
તે જગરાય તમને ભજતા, પક્ષ પુરૂષના છો આકાર;
તેવા મારા આર્ય વીરને, સ્વધાસ્વધા જયજય બહુવાર. ૭

ખડગ ધારતે હાર બરોબર, પુષ્પગેંદ ગોળા સમસાર,
બરછી અગરબતી બે સરખાં, મરણ મોક્ષ નહિ ફેર લગાર;
ફાંસીને વરમાલા સરખી, જેલ મ્હેલ સરખાં ગણનાર,
એવા ધાયા બુડયા આર્યો, જીવનમુક્ત સ્વધા તમને બહુવાર. ૮

સ્વદેશ યજ્ઞે સ્વદેહ અર્પ્યો, અને અર્પવા છો તૈયાર;
શિવ સાયુજ્ય સમીપ છતાં, હજુ જીવપણું કરી રહ્યા સ્વિકાર.
ધર્મ ગણ્યો પ્રિય ધડથી અધિકો, ધારા તીર્થે તન તજનાર!
સ્વધાકાર તમ અર્થે ખાસજ, આગમ નિગમ વિષે નિર્ધાર. ૯
પ્રેમપિંડ વાણી તર્પણથી, વીરા કીધો તમ સત્કાર,
તેથી આશિષ આપો અમને, સ્વદેશની સેવા મોઝાર;
સ્વદેશ ઉપર શ્રદ્ધા અમ વધજો, પ્રજા પ્રકટજો વીર જુઝાર,
ભય બંધન ભારતનાં છુટો, થઇ જગ આર્ય તણો જયકાર. ૧૦
વીરા તૃપ્ત સ્વધાથી થઇને, વેગે આવો ધરિ અવતાર.
આર્ય ધરા જનનીને અંકે, રમવા કાજે આણી પ્યાર;

અગ્રેસર થઇ ઉદય પંથના, જેવા રૂદ્ર દિપે અગીઆર, ૫૦
સ્વાધીકારનો એ ચહી તમને, સંધવી આજ કરે ઉચ્ચાર.

ભારત ખંડનું યશોગાન.

7

ભરતખંડના વીર પુરૂષનું
હૃદય ધબક જો ઢળાં ઢળાં
હૃદય ધબકેજો ઢળાં ઢળાં
આકુળ વ્યાકુળ બને અરેરે,
સંતાપે થઇ ગળાં ગળાંરે— ભારતખંડ.
ક્યાં કીર્તીવંત શુભ કોટ રામ લક્ષ્મણનો ?
ક્યાં પાંડવનો શુભપ્રતાપ સમરાંગણનો !
ક્યાં પળે બોલ રજપુત વહેલા પણનો ?
ઓ અરે, અરેરે અરે, અરે આ માર.
કદળીને પણનો.
રોમ રોમમાં ઉડે કાતરા,
વ્યાપે વિષ હળાં હળાં
પથ્થર રડતાં હૃદય વજ્રનું,
ચુરો બનેછે બળાં બળાં— ભરતખંડ.
ક્યાં બ્રહ્મચર્ય ! આર્યત્વ મુળકો પાળે ?
ક્યાં પતિવૃતા ? એ તર્ક મમ હૃદય બાળે
ક્યાં સંપ આર્યનો ? ધર્મ કોણ સંભાળે ?
કો શુર વીર પેદા થાઓ,
બીરૂ બન્યા શું ક્ષત્રી આજના,

ક્યાં ગઇ લક્ષ્મી છળાં છળાં
ચીરે હૃદયને કળમળતું ઉર,
ક્યાં વૈભવ એ ઝળાં ઝળાં— ભરતખંડ
કરિ કર્મકાંડ આરંભવીર ફરી થાઓ,
ફરિ નિવૃત્તિમય પ્રવૃતિ વિશે લોભાઓ,
આ ભરત ખંડનું યશો ગાન ફરી ગાઓ.
ફરિ વિજય વાવટા ફરકાઓ.
વિષય વિશે લપટાઇ રહ્યા શું,
ક્યાં ગઇ એ સહુ કળાં કળાં;
હામ ધારોને કામ કરો તો !
હજુ વખતછે વીર પુરૂષનાં
ખેતર પાકે ખળાં ખળાં ! ભરતખંડ-

૪ કૃષ્ણદાસ નરસિંહદાસ

એકદીન એવો આવશે.

એકદીન એવો આવશે,
જ્યારે અમીઝરણો ઝરતા પૃથ્વિને જપળાશે,
એકદીન એવો આવશે. ટેક)
કળિકાળમાં પણ વીર એવા આર્ય ભુમિમાં પાકશે,
નિજવીર્યથી ભુમિ ભક્તિથી આ સૃષ્ટીને ધ્રુજાવશે- એકદીન.
રામ અર્જુન ભીષ્મ જેવા કર્ણ સંગ પ્રતાપને,
ઋષિરાજ યોગીરાજ ગુર્જરરાજનેય ભુલાવશે- એકદીન.
શિબિરાજ ભગિરથરાજ સમ પરમાર્થ જીવન ગાળશે,

મેવાડના ભડ ભીષ્મ ચંદ્દારાજને વિસરાવશે— એકદીન.
પર બ્રહ્મનીષ્ટ વસિષ્ટ વિશ્વામિત્ર ઋષિના પાદને,
પ્રેમે નમી નિસ્વાર્થનેતા આર્ય વર્ત ઉધારશે— એકદીન.
આત્મ બળ પામી બધા આ પુત્ર ભારત વર્ષના,
નિર્ભય તણી મૂર્તિ બની સૌ સ્વાર્થને તુચ્છકારશે— એક દીન
આ દેહ કાચો કુંભ આત્મા નિત્ય દિવ્ય પ્રકાશશે,
દઢ સત્ય પર એ શત્રુના સંગ્રામાં સૌ ચાલશે— એક દીન
આ દુઃખને ભુખ ના પડે પોકાર ચારે દીશથી,
ત્યાંથીય મંગળ ગીતના ધ્વની મય મધુરાં ચાલશે— એક દીન
મરૂ દેશના જેવી ઉજડ ભૂમી સર્વ ભારત વર્ષની,
ફળ ફુલથી લચી સુંદરી સમ એકલી અહીં મ્હાલશે— એક દીન
અહીંથી મહાવીર મહારથી ટંકાર કરતા શસ્ત્રના,
પરદેશમાં જઇ રાજ્યના શુદ્ધ ધર્મને શિખવાડશે— એક દીન
પૂરાં થયા નહોતા વળી સ્વપ્ને ન કર્યા વીરતે,
આ પૃથ્વીને કરી સ્વર્ગ સરવે દેવનેય ઉતારશે— એક દીન

(મગનભાઇ ચતુરભાઇ. બી. એ. એલ. એલ. બી.)

૭

અમ્હે ભરત ભુમિના બાળ,
અમ્હે ભરત ભુમિના બાળ,
અમોને કેવળ એ પર વ્હાલ;
નિરંતર કેવલ એ પર વ્હાલ.
સ્વર્ગ સમી પર ભુમિ સુંદર ભલે રસમાં રમનાર,

અમ અન્તરમાં એને ટેજે પળ ભર નહિ ચમકાર
અમ્હે તો ભરત ભુમિના બાળ
રંક ભલે રહી માત અમ્હારી તદપિ તે અમ પ્રાણ
હૈયા ગેલ સલુણા દેતી શીખવે ઉન્નત ગાન
અમ્હે તો ભારત ભુમિના બાળ.
અવર ભુમિની ભુરકીમાં નહી ભરત અમ્હે ભુલનાર,
પર માતાના લાડ લૂખેરા તે શું દુ:ખ દળનાર
અમ્હે તો ભરત ભુમિના બાળ,
અનેક વૃત કંઇ અમે ઉજવીશું ઝગતા સુર ઝમકાર,
ઉપાસની બસ ભારત હસાવી જગવીશુ જયકાર
(વસન્ત વીનોદી) અમ્હે તો ભરત ભુમિના બાળ.

પંજાબનું રાષ્ટ્રીય ગીત.

10

સારે જહાંસે અચ્છા, હિન્દુસ્તાન હમારા,
હમ બુલ બુલે હૈઇસકી, વહ ગુલીસ્તાન હમારા.
ગુરબતમે હુ અગર હમ રહતા હૈ દિલ બદનમેં,
સમજો વહી હમેભી, જહાં હોવે દીલ હમારા.
પર્વત વહ સબકા ઉંચા, હયસમા આશમાનકા,
વહ સંતરી હમારા, વહ પાસબાન હમારા,
ગોદમેં ખેલતી હૈ જીસકે કીનારે નદીયા,
ગુલશન હૈ જિસકે રસસે દશકે જીના હમારા.
હે આબરોદ ગંગા, વહ દીન હૈ યાદ તુઝકો,
ઉતરા તેરે કીનારે, તબકાર વાન હમારા.

મિસરો યુનાન રોમ, સબ મિટ ગયે જહાંસિં,
બાકી મગર હૈ અબતક નામો નિશાન હમારા.
કુચ્છ બાત હૈકી, હસતી મીટતી નહિ હમારા,
સદીયોસેં અસમાન હૈ નાં મહેરબાન હમારા.
ઇલકાબ અપના મહેરમ કોઈ નહિ
માલુમ હૈ હમીકો દુર દીનીયા હમારા,
મઇ હવ નહી સિખાતા, આપ સમેં વૈર રખના,
હિન્દી હૈ હમ, વતન હૈ હિન્દુસ્તાન હમારા.

॥

ધિક્કાર જે નર વેઠે છે દારૂણુ દાસપણુંરે
જીવતર એનું ધિક્ક બળ્યું એ શાણપણુંરે
પશુ હોય તે વેઠે એવું;
દુઃખ પડે આપણને કેવું;
કષ્ટ વેઠીને થાકયા સર્વે અતી ઘણુંરે ધિક્કાર ૧
રાત્રી દિવસ મહેનત કરીએ;
પર આગળ ફળ તેનું ધરીએ;
તેમાં શું સરવાનું ફારજ આપણુંરે ધિક્કાર ૨
કટકો નરકનો નરકે રાજી
તેમ થયા છે સર્વે પાજી
નાક કપાયું તેથી હિંદુસ્તાન તણુંરે ધક્કા ૩
બંધુ મત્રાલ થયાં શું જાણી ?
ફર્યું સકળ ઇજ્જત પર પાણી;

ખાદી ખાધુ પરદેશીએ આંગણુંરે ધિક્કાર ૪
સઘળો દેશ થયો છે ખાલી;
હાલત નિરખો આંખ ઊઘાડી;
હાય! ગુમાવી બેઠા શું પોતાપણુંરે. ધિક્કાર ૫
પ્રતાપ શીવાજી ઉપજાવો;
સ્વતંત્રતાનો લો શુભ લ્હાવો;
વ્યાજ સહિત આપો માતાનું માગણુંરે ધિક્કાર ૬

દશા આ શી થઇ ત્હારી ભલી માતૃ ભુમી મ્હારી
નથી કોનું કર્યું કુડું, થયું ત્હારૂ અહા, ભૂંડું
આશ્રય આપ્યો સર્વને, ખુશીથી દઈ માન
પોષણ આપ્યું પ્રેમથી, નીરખી ન જાત કજાત.
ખવાડીને રહી ભૂખી, છતાં તું તો થઇ દુઃખી
દશા આશી?
પરને પોતાના ગણી, અદ્ભુત અર્પ્યું સુખ;
પરના તે પરના રહ્યા, અંતે આવ્યું દુઃખ—દશા આશી.

વીરજે હિમ્મત હૈયે ધરે, જગતમાં મહત્કાર્ય તે કરે. ટેક
રામ સરીખા ગાદી વારસ, જંગલ જંગલ ફરે;
રાવણ જેવા દુષ્ટ મારીને, રંક તણાં દુઃખ હરે. વીર ૧
પાંચે પાંડવ સત્યને ખાતર, ત્યાગ ગાદીનો કરે;
દુષ્ટોનો સંહાર કરીને, ભાર પૃથ્વીનો હરે. વીર ૨
ધર્મજત રક્ષણ કારણ શસ્ત્રો, પૃથુરાજ કર ધરે;

જુલ્મો સહન કરીને અંતે, શત્રુને ઘર મરે. વીર ૩
સ્વદેશના ઊદ્ધાર કારણે, વનમાં વાસો કરે;
પ્રતાપસિંહ બ્હાદુર લડવૈયો, રંક હાલતે ફરે. વીર ૪
જુલમીનો મદ હરવા શીવો, ડુંગર ડુંગર ફરે;
મરાઠા યોદ્ધાને લઇને, ધનનો સંચય કરે. વીર ૫
દેશીના ઉદ્ધાર કારણે, સત્ય વચન ઉચરે;
લાલ બાલને પાલ સરીખા, કારાગૃહમાં ઠરે. વીર ૬
સત્ય કહેતાં વીર સોક્રેટીસ, વીષ ખાઇને મરે;
લ્યુથર સરખા ધર્મ વીરો પણ, અનેક દુઃખમાં પડે. વીર ૭
સ્વદેશની ઉન્નતિ સાધવા, નહિ યુદ્ધથી ડરે;
મેઝીનીને ગેરીબાલ્ડી, રહે રંક આખરે. વીર ૮

પરમાર

મુસલમાન બંધુઓને વિનંતિ.

આવો, આવો, હાથ મિલાવો, આવો, આવો, આવો, આવો, ટેક
તમો અમો તો છીએ બંધુઓ, જૂદા રહે કયમ ભાવો?
એક લોહીના સર્વે ભાઇઓ, આવો લઇએ લ્હાવો. આવો ૧
તમે અમે જો લડયા હશું તો ભાઇ લડયા ભડવીરો;
એમાં શું શરમાવું ને મુઝાવું હે સરદારો ?
ભાઇ લડેને ભાઇ મળે છે, ઘડી જતાં માજાયા
પાડોશીને શી પંચાતી ? પંચાતે ઘર ઘાલ્યાં.
માટે એકજ થાઓરે માટે એકજ થાઓ. ભાઇઓ આવો ૨

પીતા તમારા શમશેર બ્હાદુર પીતા અમારા તેવા;
મરદાનીનો દાવ ખેલતા, કેવળ કિર્તિ લેવા;
તેમાં જે કોઇ દ્વેષજ રાખે, તે છે સર્વે ખોટા;
મુસલમાનને હિંદુ જેવા કયાંથી મળશે મોટા?
અરે રામ રહેમાન એકછે તેના તમે ગુણ ગાવો; ભાઇઓ આવો. ૩
સંકટ સમે ખડા રહો સાથે બંધુ તણી સગાઇ
શત્રુ હાથે નહિ મરવા દો, પોતાના જે ભાઇ;
સ્વદેશ ભક્તિ સાચી રાખો, મળી અમોને ભેટો;
દુઃખ દરિદ્રો સર્વે જાશે, સુખનો રહે ન તોટો.
માટે એકજ થાઓરે માટે એકજ થાઓ. ભાઇઓ આવો ૪

પરમાર

૧૫

ઇલાહી હો ગુલયે આજ ઘરઘર
સ્વદેશ વસ્તુ! સ્વદેશ વસ્તુ!!
પુકારે દેશી સ્વદેશી બનકર
સ્વદેશી વસ્તુ! સ્વદેશ વસ્તુ!!
વતન કે હમ હેં વતન હમારા
કીસીકા ઇસમે નહિ ઇજારા
કહેંગ બેખૌફ હમ બરાબર
સ્વદેશ વસ્તુ! સ્વદેશ વસ્તું!!
જો શૈ કીસીકી લિલાયતી હો,
વો મિલતી હમકો હીઆયતી હો;

યે કેહકે ઉસ્કો લગાઓ ઠોકર,
સ્વદેસ વસ્તુ! સ્વદેશ વસ્તુ!!
જો જાન લેને અજલ ભી આયે,
વતનકી ઉલફત ન દીલસેં જાયે
અસે ફનાં ભી રહે ઝબાંપર
સ્વદેશ વસ્તુ! સ્વદેશ વસ્તુ!!
લહુ રાહી દે વતનકા એલકર
યે રંગ લાયે બરોઝે/હે શાર
પુકાર ઉઠે ઝબાંન ખંજર
સ્વદેશ વસ્તુ! સ્વદેશ વસ્તુ!!
ચલાવો કુચ્છે આજ અયસા અફસું!
ઝમાના હે. જાય દીલસે મફતું
પડાદો સબકું એડેડ અનછર
સ્વદેશ વસ્તું! સ્વદેશ વસ્તુ!!
અગર તરકીકી આરઝુ હે
જો મિલકે ચલનેહી તુમમે ખુહે
તો કહે દો એક ઝબાન હોકર
સ્વદેશ વસ્તુ! સ્વદેશ વસ્તુ!!
મુસીબતોએ ન જાત પાઈ
કે રાહ મકસદકી હાથ આઈ
મીલાહે મુદ્દતકે બાદ રેહબર
સ્વદેશ વસ્તુ! સ્વદેશ વસ્તુ!!
નમયા તીયું ખાકમેં બજારી

નહોતી સનઅત હમારી ભારત
જો રેહતે અપને ઈસી મખુનપર
સ્વદેશ વસ્તુ! સ્વદેશ વસ્તુ!!
કીસીકી ચાહતકા રાગ ગાવો
મેહી તરાંના ઝબાં પે લાવો
હમારા પ્યારા હમારા દિલબર
સ્વદેશ વસ્તુ! સ્વદેશ વસ્તુ!!
મઝાતો જબકે સિવાએ દેશી
મીલેનશે એક ભીખ દેશી
ફીરે યે કેહના હર એક તાર
સ્વદેશી વસ્તુ? સ્વદેશ વસ્તું!!
કળામે યે અઆઝ કુચ્છ દીખાએ
ઝબાંકી તાસીર રંગલાએ
કે દુશ્મનું કી ભી હો ઝબાંપર
સ્વદેશ વસ્તુ! સ્વદેશ વસ્તુ!!
યેહી સદા મંદરો મેં ગેહ જો
યેહી હો ગીરજાઘરો મેં ચહરો
યેહી હો ગુલ મસજીદો કેઅંદર
સ્વદેશ વસ્તુ! સ્વદેશ વસ્તુ!!

15

પ્યારા હિંદુસ્તાનરે, પ્યારા હિંદુસ્તાન
રહે જયાં હિંદુ મુસલમાનરે, પ્યારા૦ ટેક

વીર પુરૂષની ભૂમી અમ્હારી, વીર તણાં સંતાન;
શત્રુની છાતીપર બેસી લેતા તેના પ્રાણરે- પ્યાર. ૧
સમરાંગણમાં પ્રેમે દેતા, લાજકાજને જાન;
અબળ જનોતે સબળ થકી રક્ષી દેતા જીવ દાનરે. પ્યારા. ૨
સત્ય ન્યાય જે ટેક થકી રહેતા સુખમાં ગુલતાન;
પરદેશીનો જુલમ ન જાણી આપસમાં મસ્તાનરે. પ્યારા. ૩
ખાતા પીતા મોજ માણતા, ભજવાના ભગવાન;
યુદ્ધકળા કૈ ન્હોતા ભુલ્યા ભુલ્યા ન્હોતા ભાનરે. પ્યારા ૪
હક્ક સહુના જળવાતા'તા, સહુને મળતાં માન;
વૈભવની કંઈ ખામી ન્હોતી, ભરયાં હતાં ધન ધાનરે પ્યારા. ૫
મરકીને દુષ્કાળ હતાં નહિ, ન્હોતી દિન મોકાણ;
ચંચળ લક્ષ્મી રમી રહીતી, લોકો મ્હા ગુણવાનરે- પ્યાર. ૬
વિદ્વજજનની કિમ્મત કરતા, રંક અને ધનવાન,
સર્વે સાથે હળી મ્હાલી, સુખનું કરતા પાનરે. પ્યાર. ૭
રાજકાજમાં નિપુણ હતાને, ચતુર સુલક્ષણવાન;
સર્વ પ્રજાને સરખી રીતે દેતા વિદ્યાદાનરે. પ્યારા. ૮
ધર્મ દાનને દયા જાણતા, શુરવીરને બળવાન;
મોહપાસમાં ફસતા ન્હોતા, એવા સદ્દગુણવાનરે. પ્યારા. ૯
સ્વતંત્રતાના પુજારી તે હતા સુસત્તાવાન;
ધરણીને ધ્રુજાવે એવાં ભારતનાં સંતાનરે. પ્યારા

પરમાર

આ શું હિંદુસ્તાનરે, આ શું હિંદુસ્તાન;
જુઓ આ હિંદુ મુસલમાનરે, આ શું હિંદુસ્તાન. ટેક
વિર પુરૂષનાં ક્યાંથી પાકયાં, કાયર આ સંતાન!
શત્રુની ખુશામત કરતાં, માન ખોઇ દે પ્રાણરે. આશું ૧
સમરાંગણનું નામ ન જાણે, એ શું દેશે જાન!
સબળ પક્ષમાં રહી અબળાને ધુરકે એ પ્હેલવાન! રે! આશું ૨
સત્ય ન્યાયને ટેક ન જાણે વિષયમાં ગુલતાન;
પરદેશીના હાથ થકી તે થયા છે કચ્ચર ઘાણરે આશું ૩
ખાવું પીવું સર્વ ખુટયું, નહિ ભજે ભગવાન;
યુદ્ધ કળાનું નામજ ભુલ્યા, ભુલ્યા સર્વે ભાનરે આશું ૪
હક મળે નહિ સમ ખાવાનો, રોજ મળે અપમાન;
વૈભવની તો વાત ન જાણે, ખુટી ગયાં ધન ધાનરે આશું ૫
મરકીને દુષ્કાળ હમેશાં, પ્રજાદીન મ્હોંકાણ;
પરદેશે લક્ષ્મી ખેંચાણી, લોકો અવગુણવાનરે આશું ૬
વિદ્વજ જનની કિમ્મત ઓછી, નિત પામે અપમાન;
સર્વે ભિક્ષુક બનીને માગે "હક તણું દો દાન" રે આશું ૭
રાજ કાજમાં ભાગ ન લેતા, એવા અક્કલવાન;
"કુલી કુલી" કહીને બોલાવે, પરદેશી નાદાનરે. આશું ૮
ધર્મ દાનને દયા હજી છે, નથી રહ્યા બળવાન;
મોહ પાસમાં ફસી રહ્યા ડરતા દેતાં બલદાનરે. આશું ૯
સ્વતંત્રતા મેળવવા માટે, નથી ખરચતા પ્રાન;
ચેતો ચેતો ભારતવાસી, શુરવીરનાં સંતાનરે આશું ૧૦

પરંપરા

17

આ ત્હારાં મસ્તાન, બાળકાં, આ ત્હારાં મસ્તાન
હિંદ ભુમી, આ ત્હારાં મસ્તાન...
ફરે છે તુજ માટે બળિદાન, બાળકાં આ ત્હારાં મસ્તાન ટેક
ઘેલાં બન્યાં છે તુજ દુઃખ જાણી, ભુલી ગયાં છે ભાનઃ
ફક્ત તુજ ઉદ્ધાર કારણે તલ્પી રહ્યા છે પ્રાણ: બાળકાં. ૧
માયા મોહ સરવ તજી ચાલ્યાં આશા ફેરે દ્વાર;
સર્વ સંકટ સ્હેવા માટે પોતે છે તૈયાર. બાળકાં ૨
વિઘ્નો સર્વ તોડી ફોડી, છિન્ન ભિન્ન કરનાર;
જે જે શત્રુ સામે થાશે, ટકશે નહિ પળવાર બાળકાં ૩
ધરતી આભ પાતાળ જીતશે, થશે વડા સરદાર;
લક્ષ્મી જે સર્વે લુટાણી તે પણ છે મળનાર બાળકાં ૪
પુનઃ ક્ષત્રિય બની રાખસે, પોતાની શુભ ટેક;
જીંદગીની પરવા નહિ કરતા થાશે વીર અનેક બાળકાં ૫
સત્ય યુગની માફક થાશે, સત્ય ન્યાયનું રાજ;
ધુર્ત. પ્રપંચી, રાજદ્વારીને જીતી રાખેલાજ, બાળકાં. ૬
દુઃખ સહ્યું છે અનેક વર્ષો, હવે નથી ખમનાર;
સત્ય યુદ્ધમાં લડશે પોતે, ધરી સત્ય તલવાર. બાળકાં. ૭
સદ્ગુણની બંદુક ચલાવી, દુર્ગુણ કરશે ઠાર;
ન્યાય દેવીની તોપો લાવી, વિકટ ગઢ જીતનાર. બાળકાં. ૮
ધનુર્વિદ્યા સજીવન કરતાં, નહિ લાગશે વાર;
સત્ય યુદ્ધમાં લડવા માટે, સર્વે છે તૈયાર. બાળકાં. ૯

પરમાર

દેખાય છે તુજ ભવ્ય મૂર્તિ આન આ આકાશમાં;
શૃંગાર સોળે સજીત થઇ, ઉભી રહી છે આશમાં;
ગ્લાની હતી તે નષ્ટ થઇ, આનંદ ઉપજ્યો અંગમાં;
આલ્હાદ મુખપર છે અને દેખાય ખુશી રંગમાં. ૧
નીચે રમે તુજ બાળકો સંગ્રામની જે રમત છે;
સંતોષ આપે તુજ હૃદયને એમ કૈં દેખાય છે;
હા! હા! ઘણાં વર્ષો પછી જાગૃત થયાં તુજ બાળકાં;
ઉભી હશે આકાશમાં તેનેજ આશિષ આપવા. ૨
મંદાં હતાં તેજી બન્યાં ટેકી બન્યાં ન્યાયી બન્યાં;
વળી સ્વશ્રમ ભોગજ આપતાં તે જોઇને ખુશ થાય છે;
દિન દોહ્યલા તો વહિ ગયા, સુખદ દિનો આવી રહ્યા;
આળસ તજીને માત સર્વે આ અમે ઉભા થયા. ૩

પરમાર

19

આયિ ભુવન મનો મોહિની
આયિ નિર્મલ સુર્યકરો જળ ધરણી.
જનક જનની જનની. આયિ
નીલ સિન્ધુ જળ ધૌત ચરણ તલ
અનિલ વિકંપિત સ્યામલ અંચલ
અમ્બર ચુમ્બીત ભાલ હિમાચલ
શુભ તુષાર કિરીટીની. આયિ.
પ્રથમ પ્રભાત ઉદય નવ ગગને

વેદ પ્રભુની સુણી ગુંજ વન પવને
પ્રથમ પ્રચારિત વળી નવ ભવને
જ્ઞાન ધર્મ અયિ મુકતી દાયિની   અયિ.

રમણિકરાય અમૃતલાલ મહેતા.

૨૦

જરા સોચો દીલમાં યાર હિંદુસ્તાન તણા રહેનારા
કેવા હતા વડા સરદાર વંઠવા ખાંકેરાવ તમારા.
સૌથી આ પ્રાચીન દેશ
કહેવાતો સૌથી બેશ
છે ઉત્તમ હરહમ્મેશ
તેમાં પાક્યા આપણુ સર્વે ઊંદરથી ડરનારા.   જરા. ૧
કીધાં છે મોટાં રાજ,
થયા છે રાજા મહારાજ,
આજે ખોઇ બેઠા લાજ,
બાપદાદાનુ નામજ બોળયું પાપી પેટભરનારા.   જરા. ૨
બોટ બનીને સર્વ ગુમાવ્યું ધિકક ધિક્ક આ કાયા.
ગુલામીમાં સદા રહો શું એવી વ્હાલી માયા?
એવી માયા તોડી નાંખો ધર્મ કર્મ કરનારા.   જરા. ૩
સાખી:– સમજી સ્વદેશ ભકિતને, સમજીને નિજધર્મ;
વ્હાલા મારા બંધુઓ, ઉઠો કરો કરો કે કર્મ.
છિન્ન ભિન્ન શત્રુને કરતાં દેશ કાજ મરનારા.   જરા. ૪
આ દેશના ઉદ્દેશોને જો સાધ્ય કરવાને મથો;

વોના હુન્નરો વા છતાં પણ રણ થકી પાછા હઠે;
મરતાં નહિ હઠતા હતા રજપુત એવા ક્યાં ગયા?
જે બાણ શય્યાએ સુતા યોદ્ધા હતાંને ક્યાં ગયા?
સ્વર્ગતણું જે સુખ માનતા રણ માંહે પડનારા. જરા. ૫

પરમાર

૨૧

(પાતળીઆ પરિશ્રમનો શાને—એ રાગ)

આવોને દેશી બનો સ્વદેશી, વસ્તુ વિદેશી, ત્યાગોને મારા સંમ, મારા સમ છે.
પ્રાણથી પ્યારા, બંધુ અમારા, શોખ તમારા, કેવળ ખોટા ભ્રમ, ખોટા ભ્રમ છે.
પ્રેમએ તમારો, ખોટા દુ:ખ તણો ભારો, જાણી વિદેશી વિસારો, શુભ સ્વદેશી સંભારો;
દેશી બંધુને બચાવો, દુષ્ટ વેપારી હઠાવો, જેહ ખાય તાજે માવો, છે જે બાપીકો તમારો.
દ્રવ્ય બચ્ચે તેથી દેશમાં યારો, આર્શીર્વાદ દે મજુર બિચારો;
એટલું જાણી સ્વદેશી જશો, વિદેશી માલની મોહિની તજશો.
સમજો ભાઇ, કરો કમાઇ, સા સુખદાઇ, કરો આ નિયમ આ નિયંમ છે. આવો. ૧
સર્વથી લુટાઇ, ખોઇ બાપની કમાઇ, હવે તું બડી જે સહાઇ, કરો ભોખની ભરાઇ;

સીધા આવો ખાઉં, નહિ રળવાને જાઉં, અરે આવો હવે થાઉં,
ખોઇ જાતની વડાઇ.
એવી બની છે સ્થિતિ તમારી, દેશ બન્યો છે બધો ભિખારી;
માટે બન્ધુઓ હવેતો જાગો, વ્હાણું વાયુ નિંદને ત્યાગો.
આળસમોડો, બંધન તોડો, પૈસાને જોડો, એતો સૃષ્ટિ ક્રમ, સૃષ્ટિ
ક્રમ છે. આવો. ૨

પરમાર

૨૨

ભુલે જાતે ક્યુ હો યાર,ભારત બર્ષને રહેને વાલે.
જરા દેખો હીસ્ટ્રી યાર, તુમ સબ મુલકો કે સરદાર,
પુરપ અમરીકા તાતાર, સબ પર હુકમ ચલાને વાલે. ભુલે-
મીત્રો આર્યાવર્ત આ દેશ, જ્યાં સુખ સંપત્તિ હમેશ,
અબતો ભોગ રહે હે કલેશ, ઉઠા રહે હે સુખ પુરપ વાલે. ભુલે-
અમ તુમ ક્નહીકી સંતાન, જોયે ભુમી પર વિદ્વાન.
ગૌતમ પાતંજલી મહાન, સબ સંતો કે જાનન વાલે. ભુલે-
કેસરી રામચંદ્ર મહારાજ, પીતુ આજ્ઞા પર છોડા રાજ.
નહિ સ્વીકાર કીયા પદ યુગરાજ, પરસોત્તમ કહેલાને વાલે ભુલે-
પહેલે હમયે બડે ગુણવાન, રેલ ગાડી રચે વિમાન
પરદેશ હુવે ધનવાન, નઈ કલતાર ચલાને વાલે. ભુલે-
બીએ, એમ, એ, કરકે પાસ, દેશકા કર દીયા સત્યાનાશ,
હવે હારી બેઠા સઉ આશ, હુવે હમ એસે વિધા વાલે. ભુલે-
કેસે પુરખા હુવે તુમાર, જીનસે કાંપે આ સંસાર

હમ તુમ ઉનહીકે અવતાર, ખડેકા નામ ડુબાને વાલે, જુલે-
ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, રાણા શીવાજી મહારાજ
જો આયે દેશ કે કામ, જીનોને બીગડે કામ સુધારે, જુલે-
જરા દેખો ઓર જાપાન, કેસે કામ કીયે હે મહાન
દેશકી ખાતર ખોદીયા પ્રાણ, રણકા નાચ નચાને વાલે. જુલે-
બીગડે ભારતકા સબ કાજ, ઉલટી ગંગા વહેતી આજ,
જરા ના આવે તુમકુ લાજ, હુવે સબ નાક કટાને વાલે જુલે-
જબથા આપસમેં સબકા પ્યાર, તબ્બી થે હમ સબકે સરદાર
ઇસકે બીન હુવે લાચાર, હમકુ કહે બિદેશી કાલે જુલે-
કર રહા હાંસી સંસાર, પડતી હેં અશ્રુધાર,
હવે ક્યા કરના બોલો યાર, મેરે દીલમેં પડ ગયે છાલે જુલે-
ભાઇ તુમારે ફીરે બેહાલ, જાવે આફ્રીકા નાટાલ
બિદેશીઓને કીએ પાયમાલ, સોચે, બીએ. એમ. એ, વાલે જુલે-
તમેરા દેશ એ હીંદુસ્તાન, સોને ચાંદીકી ખાન.
કુદરતી મીલા સબ માન, કોટમેં ગોરી ગુલામી ડાલે જુલે-
ત્રીસ કોટ જીસકે સંતાન, ઉનકી હીંદુ મુસલમીન નામ
જીસકી મીટી હો ગયે વેરાન, તબ હમ પડેની કદુ વાલે જુલે-
બંગાલીઓને કીયા પર ઉપકાર, બીગડા ભારત દીયા સુધાર
કીયા સ્વદેશી કા પ્રચાર, હુવે ઉદ્ધાર કરાને વાલે જુલે-

સ્વામી શ્રી આત્માનંદનજી

(ગુજરાત તા. ૧૩—૩—૧૯૦૯)

ગરબી.

૨૩

આર્ય બંધુઓ!! આવો આપણ, સ્વદેશકિર્તન!! સ્મરીએ;
યવન રાજ્યથી ઋસ્ત!! થયેલા!! ડુબતા દુઃખને હરીએ!! આવો.
બ્રાહ્મણ! ક્ષત્રી! વૈશ્ય! શુદ્રના વર્ણાશ્રમ શીર લઇએ;
વ્યાઘ્રતણા વંશજ થઇને કેમ મૃગકુળ માની લઇએ.
ધર્મ! કર્મ! ને શર્મ! શિરસ્તા પંથથી કયમ ફેરીએ;
ભિષ્મ! -દ્રોણના! ભગિરથ યત્નો, મળમાં કયમ મેળવીએ!-આવો.
દેશોદય! ગીરી પંથ વિકટ હો!! ચઢાવ પણ તે ચઢીએ;
દેશ ભકિત શુર દાખી દળમાં, લાયક રીપુથી! લઢીએ-આવો.
આત્મ ત્યાગની! અધર બસરી, ભવ્ય જીવનથી! ભરીએ;
વન વિટયા સિંચાણા! થઈ કયમ? ચણ કાજે તૃણ ચરીએ-આવો.
કરી કેસરીઆં! ધુમ્ર લોચનને, ધરતી પર પગ ધરીએ;
ભવતુ! ગમે હો! પણ ભય ભેદી, પટની બહાર પ્રસરીએ-આવો.
બાછશંકરના ભવ્ય હૃદયથી, ઉત્તમ શીખ ઉચરીએ;
વિઘ્ન માત્ર વિદારી સાચી, વિજયમાળ!! ઉર વરીએ- આવો.

ભારત દેવીનું ચિત્ર દર્શન.

૨૪

રાગ ધનાશ્રીની છાયામાં

મનહર આનનની, લાવણ્યવતી ભારતની જનની ટેક
કમળ નયન કમળાનન કોમળ.

સુકલ સુકુમાર સ્થિતી તનની —લાવણ્યવતી ૧
શૈલ શીખર કચ ભૂષણુ શામળા
અલક ઝુકી નંદન કાનનનિ —લાવણ્યવતી ૨
ધીર સમીર ગતી અચંળ ચંચળ
સુચવતી વિજયની કરણી —લાવણ્યવતી ૩
સિંધુ ગંગા બ્રહ્મપુત્રા સરિતા
લલીત સજીકાર અંબરની —લાવણ્યવતી ૪
વિમળ જળથળ મલય તરૂદળ
કુસુમ પરીમલ મલય મરૂત જનની —લાવણ્યવતી ૫
ચતુભુજ ગુઢ ગુંજ સુચવે
કૃપાળ લાલન બાલ પાલનની —લાવણ્યવતી ૬
બંગ પ્રજા પ્રતિ અતિ અનુકંપા
કૃપા કર શાંતતા મનની —લાવણ્યવતી ૭
કર્મ કુલીશ ધ્વજ શીખને સુચવતી
અરિકુળ મર્દન મર્દનના —લાવણ્યવતી ૮
હાર ગલે ફુલ માલ લલીત ધરી
ટીલડી કરી ભાળ કુમ કુમની —લાવણ્યવતી ૯
ચીબુક કર દઇ ચીંતવતી મતિ
આશી અવનતી ગુર્જરની —લાવણ્યવતી ૧૦
વિમલ પગતલ રક્ત કમળ સમ
લલીત દર્શાય ખલ દલ દલનની —લાવણ્યવતી ૧૧
ચરણુ તળ પાસ નીકળી કલી કમળની
સુમન અવકાશ કમળા દર્શનની —લાવણ્યવતી ૧૨

સદન સુધરાવી વદન મલકાવી સુહૃદજન
હૃદય પધરાવજો છબી ભારતની — લાવણ્યવતી ૧૩

બીરબલ

ગુજરાત તા. ૨૧—૪—૦૮

હિંદની હાલત.

ભુજંગી. 25

હતો દેશ તે જે સવિતા સમાણો,
બધા ભાગ માંહે ઘણો જે કમાણો;
થયા હાલ તે દેશના આજ માઠા,
વિદેશી હતું ધન તે લેઇ નાઠા. ૧
વળી રત્ન લેઇ ગયા ફીરંગ પાપી,
અને મેઘ રાયે કૃપા દ્રષ્ટિ કાપી;
કુળી, રાય, ને કાળ કોપે ભરાયા,
કર્યાં ધાભરા ને બનાવ્યા હરાયા. ૨
થયો દેશ લાલા વિના શૂન્ય આજે,
જુઓ વિર માતૃ ભૂમિ એથી લાજે;
વકીલો તણા દાખલા આપ જુઓ,
સ્વપાણી બની બાત્તરા કેમ ખુવો. ૩
પડ્યા બંધને ઇન્દ્ર ને દેવ સર્વે,
જુઓને ભરાયો તણા પાર્થ ગર્વે;

ફરી ઓરડી વજ્રની ચૂર્ણ ભુકો;
અરે વીર આવી ક્ષણે કેમ ચુકો. ૪
જુઓ શૂર પારીસની બાઇ કેરૂ,
થઇ ખ્યાત જાણો મહા તેજ મેરૂ;
ગયા બાઇથી શું તમે હિંદ વાસી,
ઘણા તો વિદેશી ગયા એથી નાશી. ૫
રીસાયા મનાયા જણાયાજ ક્યારે,
નમર્દો જનોમાં ગણાયાજ ત્યારે;
અહા ભક્ત લાલા વિના દેશ કેવો,
બને સ્વર્ગ જેવું વિના ઇંદ્ર દેવો. ૬
થયો આપણી આગળે આજ લાલો,
હવે વિર પુઠે તમે લેશ હાલો;
જશે આજનો જો સમો ભુલતાથી,
પછી આપણો કોણ થાશેજ સાક્ષી. ૭
નહિતો પછીથી ચૂડી હાથ ધારો,
બની નારીઓને જનાને પધારો;
તજીને કડાં કાંચળી આપ રાખો,
નહિતો જરા દુધ માતાનુ ચાખો. ૮
મરેલાજ પિતૃ અને માત દેવી,
અરે વિર સ્થિતિ થઇ દુઃખ જેવી;
વિદેશી હિતેચ્છુ થયા સ્તબ્ધ આજે,
વળી નામ આર્યો તણું ભ્રાત લાજે.

કવિ. શંકરલાલ ગોવર્ધન.
ગુજરાત તા. ૧—૮—૦૭

હોળી—હોરી.

કૈસી હોલી મચાઇ—છેલ મિડિલને—કૈસી.

દેશી ધોતી લિબાસ છોડી કે, કોટે લિયે સિલવાઇ,
ખુલે અગાડી કટે પિછાડી, ટોપી ગોલ જમાઇ,
ઘડી આગે લટકાઇ— છેલ. ૧

બુટ દેવકો પહિન પાંવમેં, તનિયાં લીન્હ કસાઇ,
બૈઠન નહીં પતલૂન દેતહે, ઠાડે કરત મુતાઇ,
મન્ય અંગ્રેજી આઇ.— છેલ. ૨

હાથ મેં છતર રૂમાલકી રખ કે, અંખીયાંપે ચશ્મા ચઢાઈ
ગલે ગલેબંધ કોલર લટકે, મુખ મેં ચીરૂટ દબાઇ.
ધુંઆં ફુક ફુકક ઉડાઇ— છેલ ૩

ઘર મેં જા અંગ્રજી બોલે, સમજત નાંહી લુગાઇ.
માગે વોટર દેતી રોટી, બોલ ઉઠે ઝુંઝવાઈ,
ડેમયુ કહાંસે આઇ.— છેલ. ૪

કોન બનાવે રંગ બસન્તિ, કોન ગુલાલ ઉડાઇ,
શ્યાહીકી ડબીયાં હાથ ધુરશહે, કરતહે ધુટ અફાઇ,
છોડકે સલેમ સાઇ.— છેલ. ૫

નીતિ જાતિ મિલિ કરબેઠે. હૂરભઇ પણ્ડિતાઇ,
ગિટપિટ મિસ્ટર હોટલ જાવે મદીરા પાન ઉડાઈ,
સુખાનંદ લેડી આંખ લડાઇ.— છેલ. ૬

આપારાવ પતાઈ.

ગુજરાત તા. ૬—૩—૦૯